The Resource Centre


# Mid-Day Gujarati

**Date:** 07/05/2010 **Page No:** 16 **Location:** Main **Circulation:** 40000

**Edition:** Mumbai


## Baroda's gujarati girl in 'Indian Idol - 5'

# 'ઇન્ડિયન આઇડલ-૫'માં બરોડાની ગુજરાતી છોકરી



નવા અને ઊભરતા કલાકારોને ગાયનક્ષેત્રે પ્રોત્સાહન આપતા સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન પરના 'ઇન્ડિયન આઇડલ-૫'ના શૉર્ટલિસ્ટ થયેલા ૧૭ કન્ટેસ્ટન્ટ્સમાં બરોડાની ગુજરાતી છોકરી ભૂમિ ત્રિવેદી પણ છે. ભૂમિ 'ઇન્ડિયન આઇડલ'માં નવી નથી. અગાઉ તેણે આ શો માટે ઑડિશન આપી હતી, પણ થિયેટર રાઉન્ડમાં ફેલ થઈ હતી. આ વખતે તેણે વધુ જોરદાર તૈયારી સાથે ઝંપલાવ્યું હતું. તેણે જજ સમક્ષ 'બાબુલ કી ઔર સુનો' સંભળાવ્યું હતું. ત્યાર બાદ જજે તેને આ જ ગીતને વેસ્ટર્ન સ્ટાઇલમાં ગાવાનું કહ્યું હતું. સૉન્ગને વેસ્ટર્નમાં ફેરવી નાખવાની ભૂમિની અનેરી સ્ટાઇલ અને તેના અવાજથી જજ પ્રભાવિત થયા હતા.

Copyright of the article is with the publication